પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૭૯ | ૨૦ ડિસેમ્બર, ૨૦૧૮, ગુરૂવાર; માગશર સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ન્યુઝ ટ્રેક

**સરોગસી બીલ લોકસભામાં પાસ**

લોકસભામાં ભારે હંગામા વચ્ચે સરોગસી (વિનિયમન) બીલ પાસ કરવામાં આવ્યું છે. જેના પરિણામે હવે દેશમાં વ્યવસાયિક સરોગસી પર પૂર્ણરૂપે પ્રતિબંધ આવી જશે.

**પીએનબી કૌભાંડમાં ૧૦ની ધરપકડ**

પંજાબ નેશનલ બેંક કૌભાંડ મામલે સીબીઆઈને મોટી સફળતા પ્રાપ્ત થઈ છે. મુંબઈથી પોલીસે આ મામલા સાથે જોડાયેલા દસ આરોપીઓની ધરપકડ કરી પોલીસ કસ્ટડીમાં મોકલી આપ્યા છે.

**દિલ્હીમાં મેટ્રોના ચોથા તબક્કાને મંજૂરી**

દિલ્હી સરકારે મેટ્રોના ચોથા તબક્કાના નિર્માણ માટે મંજૂરી આપી દીધી છે. ૧૦૩ કિલોમીટરના વિસ્તારમાં મેટ્રોના નવા ૭૯ સ્ટેશન બનાવાશે.

**રાજસ્થાનમાં ખેતરોમાં બરફ જામ્યો**

દેશભરમાં કડકડતી ઠંડીની અસર જોવા મળી રહી છે. રાજસ્થાનના ફતેહપુર અને આસપાસના વિસ્તારોમાં ઉભા પાક પર બરફ છવાઈ ગયો છે.

**બેલ્જિયમના વડાપ્રધાન ચાર્લ્સ મિશેલનું રાજીનામુ**

બેલ્જિયમના વડાપ્રધાન ચાર્લ્સ મિશેલે પોતાના પદ પરથી રાજીનામું આપ્યું છે. શરણાર્થીઓ પર સંયુક્ત રાષ્ટ્રની વૈશ્વિક સમજૂતીનું સમર્થન કર્યા બાદ ગઠબંધનની સૌથી મોટી પાર્ટીએ ચાર્લ્સ મિશેલની સરકારને આપેલો ટેકો પાછો ખેંચ્યો હતો.

# રાજ્યભરમાં હાડ થિજાવતી ઠંડી

**નલિયામાં પારો ૫.૮ : ગાંધીનગરમાં ૭.૨ : કંડલા એરપોર્ટ ૬.૮ : અમદાવાદ શહેરમાં લઘુત્તમ તાપમાન ૧૧.૨ થયું : દિવસ દરમિયાન ઠંડીના ચમકારાથી લોકો ગરમ વસ્ત્રોમાં સજ્જ : કોલ્ડવેવની ચેતવણી અકબંધ રખાતા તંત્ર સજ્જ**



અમદાવાદ, તા.૧૯

ગુજરાતમાં આજે સતત બીજા દિવસે હાડ થિજાવતી ઠંડીનું મોજુ રહ્યું હતું. કોલ્ડવેવની ચેતવણી પણ આગામી બે દિવસ માટે જારી કરવામાં આવી છે. ખાસ કરીને અમરેલી, ભાવનગર, રાજકોટ અને કચ્છમાં કોલ્ડવેવની સ્થિતિ રહેવાની ચેતવણી જારી કરાઈ છે. ઠંડીથી બચવા માટેના તમામ પ્રયાસો લોકો કરી રહ્યા છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં કોલ્ડવેવથી જનજીવન ખોરવાઈ ગયું છે. હવામાન વિભાગે આગાહી કરતા કહ્યું છે કે, આગામી બે ત્રણ દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાનમાં બે ડિગ્રી સુધીનો ઘટાડો થઈ શકે છે. આજે નલિયા ઠંડુગાર રહ્યું હતું. અહીં પારો ગગડીને ૫.૮ સુધી નીચે પહોંચી ગયો હતો. કંડલા એરપોર્ટ ખાતે પણ લઘુત્તમ તાપમાન ગગડીને ૬.૮ ડિગ્રી રહ્યું હતું. અમદાવાદમાં લઘુત્તમ તાપમાન આંશિકરીતે વધ્યું હોવા છતાં દિવસ દરમિયાન ઠંડીનો ચમકારો રહેતા લોકો ગરમ વસ્ત્રોમાં સજ્જ દેખાયા હતા. છેલ્લા બે ત્રણ દિવસથી ઠંડીમાં એકાએક વધારો થતાં ગરમ વસ્ત્રોના બજારમાં જોરદાર તેજી જામી છે. રિવરફ્રન્ટ ખાતે ગરમ વસ્ત્ર બજારમાં આજે મંગળવારના

● અનુસંધાન પાન-૭ પર

## આધારકાર્ડ માટે દબાણ કરનારને ૧ કરોડનો દંડ, ૧૦ વર્ષની કેદ

ન્યુ દિલ્હી,તા.૧૯

આધાર કાર્ડની જરૂરિયાતને લઈ કેન્દ્ર સરકારે અગત્યનો નિર્ણય લીધો છે. હવે તમારે બેક્રમાં ખાતું ખોલાવા કે પછી સિમ કાર્ડ લેવા માટે આધાર આપવું જરૂરી રહેશે નહીં પરંતુ સંપૂર્ણપણે તમારી ઈચ્છા પર નિર્ભર હશે. ઓળખ અને સરનામાના પ્રમાણ તરીકે આધાર કાર્ડ માટે દબાણ બનાવા પર બેક્ર અને ટેલિકોમ કંપનીઓને એક કરોડ રૂપિયા સુધીનો દંડ ભરવો પડી શકે છે.

**સરકારે પ્રિવેન્શ ઓફ મની લોન્ડ્રિંગ એક્ટ અને ભારતીય ટેલિગ્રાફ એક્ટમાં સંશોધનને મંજૂરી આપી : હવે કોઈ પણ સંસ્થા દબાણ નહિ કરી શકે, સંશોધનને સંસદની મંજૂરી મળવાની બાકી, ડેટા લીક માટે જવાબદાર કંપનીને ૫૦ લાખ સુધીનો દંડ,૧૦ વર્ષની સજા**

એટલું જ નહીં આમ કરનાર કંપનીઓના કર્મચારીઓને ૩ થી ૧૦ વર્ષની સજા પણ થઈ શકે છે. આમ હવે તમે સિમ કાર્ડ લેવા કે પછી બેક્રમાં ખાતું ખોલાવા માટે આધાર કાર્ડની જગ્યાએ પાસપોર્ટ, રાશન કાર્ડ, કે પછી બીજા કોઈ માન્ય દસ્તાવેજ હકની સાથે ઉપયોગ કરી શકો છો. કોઈપણ સંસ્થા આધાર કાર્ડના યુઝ માટે તમારા પર દબાણ નાંખી શકશે નહીં.

સરકારે પ્રિવેન્શ ઓફ મની લોન્ડ્રિંગ એકટ અને ભારતીય ટેલિગ્રાફ એકટમાં સંશોધન કરી આ નિયમને સામેલ કર્યો છે. સોમવારના રોજ કેન્દ્રીય કેબિનેટે આ સંશોધનને મંજૂરી આપી દીધી હતી. સરકારી સૂત્રોનું કહેવુ છે કે સુપ્રીમ કોર્ટના તાજેતરના આદેશને ધ્યાનમાં રાખતા આ નિર્ણ. લેવાયો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે યુનિક આઈડીને માત્ર વેલફેર સ્કીમો માટે જ ઉપયોગ કરી શકાય છે. કાયદામાં નવા સંશોધનના મતે આધાર ઓથન્ટિફિકેશન કરનારી કોઈ સંસ્થા જો ડેટા લીક માટે જવાબદાર જણાઈ તો ૫૦ લાખ રૂપિયા સુધીનો દંડ અને ૧૦ વર્ષ સુધીની સજા થઈ શકે છે. આ સંશોધનોને હાલ સંસદની મંજૂરી મળવાની બાકી છે. જો કે રાષ્ટ્ર હિતમાં આવી માહિતી આપી શકાય છે.

# દૂરસંચાર સેટેલાઈટ જીસેટ-૭ લોંચ



**ભારતીય હવાઈ દળ માટે ખુબ જ ઉપયોગી રહેશે : શ્રીહરિકોટા લોન્ચિંગ સ્થળથી સેટેલાઇટનું સફળતાપૂર્વક લોન્ચીંગ**

શ્રીહરિકોટા, તા. ૧૬

ઈન્ડિયન રિસર્સ સ્પેશ ઓર્ગેનાઈઝશને પોતાના કોમ્યુનિકેશન સેટેલાઈટ જીએસએલવી-એફ૧૧ જીસેટ-૭એને લોંચ કરી દેતા ઉપસ્થિત વૈજ્ઞાનિકોમાં ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. લોન્ચિંગના થોડાક સમય બાદ જ તે સફળતાપૂર્વક પરિભ્રમણ કક્ષામાં પ્રવેશ કરી જતાં ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. આ સેટેલાઈટ ભારતીય હવાઈ દળ માટે ખાસ છે. આ સેટેલાઈટનો ખર્ચ ૫૦૦થી ૮૦૦ કરોડ રૂપિયા રહ્યો છે. આમા ચાર સોલાર પેનલ મુકવામાં આવ્યા છે જેના મારફતે આશરે ૩.૩ કિલો વોટ વિજળી ઉત્પન્ન કરી શકાશે. આની સાથે સાથે આમા સપાટીમાં આગળ પાછળ જવા અને ઉપર જવા માટે બાયપ્રોપલેટના કેમિકલ પ્રોપલશન સિસ્ટમ પણ છે. જીસેટ-૭એથી પહેલા જીસેટ-૭ સેટેલાઈટ જેને

● અનુસંધાન પાન-૭ પર

# દાઉદના ભત્રીજાને ભારત લાવવા પ્રયાસો તેજ કરાયા

**દોભાલના નેતૃત્વમાં ભારતીય ટીમના પ્રત્યાર્પણ પ્રયાસો શરૂ : મુંબઈ પોલીસની રજૂઆત બાદ કેન્દ્ર સરકારે અમેરિકી તપાસ સંસ્થાઓનો સંપર્ક સોહેલના પ્રત્યાર્પણના ભાગરુપે કર્યો : મોટી સફળતા ટૂંકમાં મળી શકે**

મુંબઈ,તા. ૧૯

ડોન દાઉદના ભત્રીજા સોહેલ કાસ્કરને ભારત લાવવા માટેના પ્રયાસ પણ હવે કેન્દ્ર સરકાર શરૂ કરી ચુકી છે. જો કેન્દ્ર સરકારની વાતને માની લેવામાં આવશે તો સોહેલને ભારત લાવવામાં આવી શકે છે. કેન્દ્ર સરકાર દાઉદની ડી ગેંગ પર સકંજો મજબુત કરી રહી છે. મુંબઈ પોલીસ દ્વારા રજૂઆત કરવામાં આવ્યા બાદ કેન્દ્ર સરકારે આ મામલે અમેરિકી સંસ્થાઓ સાથે વાતચીત શરૂ કરી છે. સોહેલના પ્રત્યાર્પણના મામલે વાતચીત થઈ ચુકી છે. સોહેલે વર્ષ૧૯૮૯માં ૧૦ વર્ષની વયમાં પિતા નુરા કાસ્કરના સાથનેછોડી દીધો હતો. કિડની ફેલ થઈ ગયા બાદ વર્ષ ૨૦૦૯માં નુરાનુ કરાચીમાં મોત થયુ હતુ. જુન ૨૦૧૪માં સોહેલને સ્પેનમાં પકડી લેવામાં આવ્યો હતો. સપ્ટેમ્બર ૨૦૧૫માં તેને અમેરિકાને સોંપી દેવામાં આવ્યો હતો. તેના પર નોર્કોટેરેરિઝમના આરોપો રહેલા છે. કોલંબિયાના બળવાખોરોની મદદ કરવા અને અમેરિકામાં ડ્રગ્સ મોકલી દેવાના મામલે તે પકડાયો હતો. સોહેલને અન્ય ત્રણ લોકોની સાથે કાવતારના આરોપસર પકડી લેવામાં આવ્યો હતો. આ વર્ષ ૧૨મી સપ્ટેમ્બરના દિવસે સોહેલને અમેરિકીની કોર્ટે ચાર મામલામાં દોષિત જાહેર કર્યો હતો. જો કે સજા ગાળવાની અવધિ પૂર્ણ થઈ ચુકી છે. મોદી સરકાર એકપછી એક અપરાધીને ભારત લાવી રહી છે. દસ્તાવેજોથી જાણવા મળ્યું છે કે, સોહેલ કાસ્કરે સ્પેનમાં રહેનાર બે પાકિસ્તાની નાગરિક હમીદ ચિશ્તી ઉર્ફે બેની અને વહાબ ચિશ્તી ઉર્ફે એન્જલની સાથે અલી દાનિશ નામના શખ્સની સાથે બાર્સેલોનામાં ૨૮મી એપ્રિલ ૨૦૧૪ના દિવસે એક બેઠકમાં ભાગ લીધો હતો. આ બેઠકમાં તેમની વચ્ચે પાકિસ્તાનથી અમેરિકા માટે માદક દ્રવ્યો મોકલવાના મુદ્દા પર ચર્ચા થઈ હતી. હેરોઈન મોલવાના મુદ્દા પર ચર્ચા કરવામાં આવી હતી.


શુદ્ધ સીંગતેલના લાઈવ દાળવડા

અજયભાઈ પ્રજાપતિ
૯૫૭૪૫ ૯૧૧૬૧

શક્તિ દાળવડા હાઉસ

દાળવડાનું તૈયાર ખીરૂ મળશે.

સે.૨૧, રોયલ હોન્ડા શો-રૂમની લાઈનમાં, ચંદન એન્ટરપ્રાઈઝની બાજુમાં, ગાંધીનગર






PUNJAB HYUNDAI ✆ 78200 03300

Plot No. 1004/A. Sectar 28, GIDC, Opp, DSP Office, GANDHINAGAR | 2/5 Umiya Tirth Ville, Nr. Gayatri Mandir, Mehsana Highway, KALOL ✆ 99250 04743 | Nr. Atithi Hotel. Opp. Ashirwad Hospital DEHGAM ✆ 98250 42175



શિવાલય ફાર્મ & પાર્ટી પ્લોટ

મેરેજ, રીસેપ્શન, રીંગ સેરેમની, બર્થ ડે પાર્ટી, ગેટ ટુ ગેધર તથા શુભ પ્રસંગ માટે
તમામ પ્રકારના પ્રસંગો માટે વિશાળ ૧,૨૫,૦૦૦ સ્કવેરફુટનો મેક્શીકન લોન એરીયા

સિધ્ધી વિનાયક ફાર્મ & પાર્ટી પ્લોટ
૧૫૦૦ મહેમાનોની ક્ષમતા વાળો પાર્ટીપ્લોટ, ૫૦૦૦૦ સ્ક્વેરફુટ લોન એરીયા
ક-૭, રાંધેજા રોડ, વસંત વગડાની સામે, ગાંધીનગર.
www.shivalayfarm&partyplot.com | shivalayfarm&partyplot@gmail.com

શિવમ્ કેટરર્સ એન્ડ રાજેશ્વરી ગ્રુપ & ઈવેન્ટ્સ

૧૦૦૦ થી ૮૦૦૦ મહેમાનોની ક્ષમતા વાળો વિશાળ પાર્ટી પ્લોટ
ડિઝાઈન થીમ ડેકોરેટીવ એન્ટ્રી વિથ ફ્લાવર
વર-કન્યા પક્ષ માટે એ.સી. રૂમોની સગવડ
૮૦૦ થી વધારે કાર માટે પાર્કીંગ વ્યવસ્થા
ગાંધીનગર શહેરથી તદ્દન નજીક
અદ્યતન કિચન વ્યવસ્થા

બુકિંગ ચાલુ છે

આ બધી સુવિધા અમારા પાર્ટી પ્લોટના પેકેજમાં મળશે.

વાઘેલા ઘનશ્યામસિંહ એમ. 98250 22173 | વાઘેલા જીતેન્દ્રસિંહ એમ. 98256 04575 | ચાવડા અનિરુધ્ધસિંહ 98981 85149

ક-૭, વસંતવગડોની સામે, ગાંધીનગર-રાંધેજા રોડ, ગાંધીનગર